# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 02-01-2026 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## રાજ્યની 185 નદીઓના બંને કાંઠે વૃક્ષ ઉછેર ઝુંબેશ

વર્ષ ૨૦૨૩ના 'ઇન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રિપોર્ટ' મુજબ ગુજરાતમાં વન અને વૃક્ષ આચ્છાદિત વિસ્તાર ૧૧.૦૩ ટકા છે. આ ગ્રીન કવરમાં વધારો કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને રાજ્યની તમામ ૧૮૫ નદીઓના બંને કાંઠે ‘વૃક્ષ ઉછેર ઝુંબેશ’ શરૂ કરવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અભિયાનમાં કચ્છની સૌથી વધુ ૯૭ નદીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

વન મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું કે ગ્રીન કવરને વધારવા માટે આ કામગીરી વન વિભાગને સોંપાઈ છે. નદી કાંઠાની જમીનનું GIS મેપિંગ કરી તેને વૃક્ષ ઉછેર માટે આરક્ષિત કરવામાં આવશે. આ જમીન પર કોઈ પણ પ્રકારની વાણિજ્યિક પ્રવૃત્તિ કરી શકાશે નહીં.

વન રાજ્ય મંત્રી પ્રવિણ માળીએ વિગતો આપી હતી કે, કચ્છની ૯૭ નદીઓ ઉપરાંત સૌરાષ્ટ્રની ૭૧ અને રાજ્યની મુખ્ય ૧૭ નદીઓનો આ ઝુંબેશમાં સમાવેશ થાય છે. આ આયોજનથી નદી કાંઠાનું જમીન ધોવાણ અટકશે અને ભૂગર્ભ જળ સ્તરમાં નોંધપાત્ર સુધારો થશે. આ પહેલથી કાર્બન ફૂટપ્રિન્ટ ઘટશે અને ઓક્સિજનનું પ્રમાણ વધશે.

---------------------------------------------------------------------------------------

## ગાંધીધામમાં ડિસ્ટ્રીક્ટ લેવલ વાઈબ્રન્ટ પ્રોગ્રામ

રાજકોટ ખાતે 10 અને 11મી જાન્યુઆરીએ આયોજિત વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ અંતર્ગત કચ્છ જિલ્લાના ડિસ્ટ્રીક્ટ લેવલ વાઈબ્રન્ટ પ્રોગ્રામનું આજે સવારે

ગાંધીધામમાં ડૉ.બાબાસાહેબ આંબેડકર કન્વેન્શન સેન્ટર ખાતે ગુજરાતના કેબીનેટ મંત્રી અર્જુન મોઢવાડિયાના અધ્યક્ષસ્થાને અને રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાની અતિથિ વિશેષ તરીકેની ઉપસ્થિતિમાં ઉદઘાટન કરવામાં આવ્યું. બે દિવસ ચાલનારા આ પ્રોગ્રામમાં મહત્વપૂર્ણ એમઓયુ સાથે વિવિધ ટેક્નિકલ સેશન, એક્ઝિબિશન તેમજ પેનલ ડિસ્કશન યોજાશે. કચ્છ જિલ્લાના સંલગ્ન ઉદ્યોગોને આવરી લેતા એક્ઝિબિશનમાં કચ્છી કલાઓની સાથે સંકળાયેલા હેન્ડીકાફ્ટ તેમજ એમ.એસ.એમ.ઈ, હેવી ઈન્ડસ્ટ્રીઝ સહિતના કુલ ૬૦થી વધુ સ્ટોલ ઊભા કરવામાં આવ્યા છે.

ગાંધીધામ ખાતે આયોજિત વાઈબ્રન્ટ કચ્છ ડિસ્ટ્રીક્ટ પ્રોગ્રામમાં ગાંધીધામ ચેમ્બર્સ ઓફ કોમર્સ ઈવેન્ટ પાર્ટનર તરીકે જ્યારે દીનદયાળ પોર્ટ ટ્રસ્ટ વેન્યૂ પાર્ટનર તરીકે જોડાયા છે. આ ઉપરાંત ફોકિયા અને કચ્છ મેનેજમેન્ટ એસોસિએશન એ નોલેજ પાર્ટનર તરીકે સહભાગી બન્યા છે.

---------------------------------------------------------------------------------------------

## ધોરડોમાં જિ.પં.ની સામાન્ય સભા

વર્ષ ૨૦૨૬ના પ્રથમ દિવસે કચ્છ જિલ્લા પંચાયતની સામાન્ય સભા ધોરડો ખાતે યોજાઈ હતી. જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને મળેલી આ બેઠકમાં જિલ્લાના વિકાસ અને વહીવટી માળખાને લગતા અનેક મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. જિલ્લા પંચાયતના પદાધિકારીઓ અને સભ્યો માટે આગામી જાન્યુઆરીથી માર્ચ દરમિયાન ‘પ્રેરણા પ્રવાસ’નું આયોજન કરવામાં આવશે, જેના માટે રૂ. ૧૫ લાખની જોગવાઈ કરાઈ છે. ભુજ તાલુકાની સુમરાસર (શેખ) અને નખત્રાણા તાલુકાની આણંદપર (યક્ષ) જૂથ ગ્રામ પંચાયતના વિભાજનની દરખાસ્તોને બહાલી આપી સરકારમાં મોકલવાનો નિર્ણય લેવાયો હતો.

---------------------------------------------------------------------------------------------

## ભુજમાં નેત્રમના કેમેરા લગાવાયા

ગુજરાત સરકારના 'વિશ્વાસ' પ્રોજેક્ટ અંતર્ગત ભુજ શહેરની સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બની રહી છે. ફેઝ-1 માં 19 સ્થળોએ 213 કેમેરા કાર્યરત કર્યા બાદ, હવે બીજા ફેઝમાં વધુ 21 સ્થળો પર 96 કેમેરા લગાવી દેવામાં આવ્યા છે. હાલ આ કેમેરાને વીજ જોડાણ અને નેટવર્કથી સાંકળવાની કામગીરી અંતિમ તબક્કામાં છે.

નેત્રમના પીએસઆઈ કુલદીપ મોરડિયાના જણાવ્યા અનુસાર, આગામી ગણતરીના દિવસોમાં આ કેમેરા સીધા કંટ્રોલરૂમ સાથે જોડાઈ જશે. ઉલ્લેખનીય છે કે, ભૂતકાળમાં નેત્રમની આ 'ત્રીજી આંખ' ચોરી, અકસ્માત, ટ્રાફિક નિયમન અને ગુમ થયેલી વસ્તુઓ શોધવામાં અત્યંત અસરકારક સાબિત થઈ છે.

---------------------------------------------------------------------------------------

## રાજ્યમાં વાવેતર

રાજ્યના ખેડૂતોએ રવિ મોસમમાં ઘઉં, ચણા અને મકાઈ જેવા પાકનું વિક્રમી વાવેતર કર્યું છે. આ મોસમમાં સામાન્ય વાવેતરની સરખામણીએ અત્યાર સુધીમાં 96 ટકા એટલે કે, 44 લાખ 74 હજાર હેક્ટરમાં વાવેતર સંપન્ન થયું છે. આ સાથે જ પ્રવર્તમાન મોસમમાં ચણાના વાવેતરમાં 13 ટકા અને બટેકાના વાવેતરમાં 18 ટકા વૃદ્ધિ નોંધાઈ છે.

રવિ મોસમની આ વાવણી પ્રક્રિયા આ મહિનાના છેલ્લા સપ્તાહ સુધી યથાવત્ રહેશે. રાજ્યમાં થયેલા આ મબલખ વાવેતરને પગલે આગામી સમયમાં કૃષિ ઉત્પાદનમાં નોંધપાત્ર વૃદ્ધિ થવાની સંભાવના છે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

---------------------------------------------------------------------------------------

## હવામાન

કચ્છમાં પશ્ચિમી વિક્ષોભની અસર ક્રમશ: ઓછી થતાની સાથે જ ઠંડીનો પારો ગગડ્યો છે અને કાતિલ ઠારનો અનુભવ થઇ રહ્યો છે. લઘુત્તમ તાપમાનમાં સતત થઇ રહેલા ઘટાડાને પગલે સરહદી જિલ્લામાં ઠંડી તીવ્ર બની છે.  આજે 10.8 ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે નલિયા

**રાજ્યનું સૌથી ઠંડુ મથક બન્યું હતું. જિલ્લા મથક ભુજમાં 13 ડિગ્રી અને કંડલામાં 15.5 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે. ગઇકાલે મોડી સાંથી વાતાવરણ ઠંડુગાર બન્યું હતું.**

**-------------------------------------------------------------------------------------------**

## માંડવીમાં પ્લાસ્ટિક જપ્ત

**માંડવી ખાતે પ્રતિબંધિત સિંગલ યુઝ પ્લાસ્ટિકના વપરાશ અંતર્ગત નગરપાલિકા શહેરના જુદા જુદા વિસ્તારોમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત ઝુંબેશ દ્વારા 72 કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી રૂા. 5300નો સ્થળ પર દંડ વસુલ કરાયો હતો.**

**-------------------------------------------------------------------------------------------**

## એસટી નિગમના કર્મીઓને નિમણૂક પત્ર એનાયત

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે એસ.ટી. નિગમના ચાર હજાર 742 ઉમેદવારોને નિમણૂંકપત્ર એનાયત કર્યા હતા. ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે યોજાયેલા આ સમારોહમાં ત્રણ હજાર 84 ડ્રાઈવર અને એક હજાર 658 હેલ્પર કક્ષાના ઉમેદવારોને નિમણૂંકપત્ર આપવામાં આવ્યા હતા.**

**-------------------------------------------------------------------------------------------**